
સળંગ અંક : ૧૧, વર્ષ : ૩, ડિસેમ્બર, ૨૦૧૫ થી ફેબ્રુઆરી, ૨૦૧૬
ISSN : 2321-4880
કિંમત ₹ ૫૦/-

# અતુલ્ય વારસો

ગુજરાતની ઐતિહાસિક, સાંસ્કૃતિક અને ધાર્મિક ધરોહરને ઉજાગર કરતું સામયિક

## પાલનપુર વિશેષાંક



# અનુક્રમણિકા


૧. પાલણપુર રાજ્યનો ઈતિહાસ ........................૩
૨. હીરાનગરી પાલનપુર ........................૯
૩. શહેરનો સ્થાપત્યકીય વારસો ........................૧૦
૪. પાલનપુર સંગ્રહાલય ........................૧૬
૫. વિદ્યામંદિર ટ્રસ્ટ ........................૧૮
૬. હેરિટેજ વૉક રૂટ ........................૨૦
૭. પાલનપુરના સંતો ........................૨૨
૮. વિક્ટોરિયા ઈન્સ્ટીટ્યૂટ લાઈબ્રેરી ........................૨૩
૯. પાલનપુરી બોલી કા બગીચાઃ છોરું ........................૨૪
૧૦. સાહિત્યકારો, શાયરો, કવિઓ ........................૨૫
૧૧. પાલનપુરવાસીઓને અમારી અપીલ છે કે ........................૨૭
૧૨. મારું પાલણપુર, હું પાલણપુરી ........................૨૯
૧૩. ખાણીપીણી, ગઈ સદીથી આ સદી ........................૩૨
૧૪. હેરિટેજ ફેસ્ટીવલ, ડિસેમ્બર ૨૦૧૫-૧૬ ........................૩૪
૧૫. અત્તરનગરી પાલનપુર અસ્તાચળે ........................૩૬



નોંધણી નંબર : ISSN : 2321-4880
સોસાયટી નોંધણી નં.: ગુજ/૧૪૩૩૬/અમદાવાદ
જાહેર ટ્રસ્ટ નોંધણી નં.: એફ/૧૪૧૧૪૯/અમદાવાદ

પ્રકાશક : હિસ્ટોરીકલ એન્ડ કલ્ચરલ રિસર્ચ સેન્ટર

તંત્રી અને મેનેજિંગ ટ્રસ્ટી : કપિલ ઠાકર

વ્યવસ્થાપન ટીમ :
કિન્નરી શાહ, પીયૂષ ગોહિલ, રામ બ્રહ્મભટ્ટ

સહયોગી ટીમ :
ડૉ. વિશાલ જોષી, ડૉ. મુંજાલ ભીમડાદકર, પ્રા. રફીકાસૈયદ સુલ્તાના

લેઆઉટ - ડિઝાઈન :
ગેમરભાઈ રબારી, ગેમર ગ્રાફિક્સ, અમદાવાદ

પ્રિન્ટિંગ :
શાર્દૂલ પ્રિન્ટિંગ પ્રેસ, ઈન્કમટેક્ષ, અમદાવાદ

ફોટોગ્રાફર :
નરેન્દ્ર ઓતિયા, અજમત સૈયદ

મુખપૃષ્ઠ : પત્થર સડક પર આવેલ એક ઝરૂખો
(ફોટોગ્રાફ : કપિલ ઠાકર)

લવાજમ :
આજીવન લવાજમ રૂ.૨૫૦૦/- (૧૪ વર્ષ)
પાંચ વર્ષનું લવાજમ રૂ. ૯૦૦/-
એક વર્ષનું લવાજમ રૂ. ૧૮૦/-


## તંત્રી લેખ :



ગુજરાત અતિ વૈવિધ્યપૂર્ણ રાજ્ય છે. અહીં નાના મોટા દરેક નગર પોતાની સાંસ્કૃતિક વિરાસતને ઉજાગર કરી રહ્યા છે. જો આપણે ગુજરાતની સફરે નીકળીએ તો ખાનગી વાહનમાં કદાચ એકાદ માસમાં સંપૂર્ણ રાજ્ય જોઈ શકાય પણ જાણી ન શકાય. તેમાં પણ જૂનાગઢ, જામનગર, ભૂજ, સિદ્ધપુર, અમદાવાદ, ડભોઈ જેવાં ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસો ધરાવતા શહેરોમાં કોઈ પણ એક શહેરને ઠીકઠીક જાણવામાંય મહિના જેટલો સમય નીકળી જાય. આ સંજોગોમાં જો કોઈ શહેરના ઐતિહાસિક વારસાનું દસ્તાવેજીકરણ થાય તો અનેક લોકોને ઉપયોગી થઈ પડે. આ વિચાર સાથે પાલનપુરની સફર કરાવવાનો પ્રયાસ અમોએ આ અંકમાં કર્યો છે.

આબુના પરમાર રાજાઓના સમયમાં સ્થપાયેલ આ નગરનો ઝાલોરથી આવેલા મુસ્લિમ શાસકોએ ઘણો જ વિકાસ કર્યો અને સમયાંતરે આ નગર કોમી એકતા, વેપાર, કલાવારસો વગેરે માટે જાણીતું બન્યું. જોકે આ નગર ત્રણ બાબતોને કારણે સમગ્ર વિશ્વમાં જાણીતું બન્યું છે. ૧. અત્તર ઉદ્યોગ ૨. હીરા ઉદ્યોગ અને ૩. કવિઓ-શાયરો. એક સમયે પ્રહલાદ્નપુર તરીકે જાણીતું આ નગર આજે પાલનપુર તરીકે ઓળખાય છે અને બનાસકાંઠા જિલ્લાનું મુખ્ય મથક છે.

'અતુલ્ય વારસો' તરફથી વિશેષાંક શ્રેણીનો પ્રારંભ થયો તેની શરૂઆત શ્રીકૃષ્ણના નિવાસસ્થાન દ્વારકાથી કરવામાં આવી અને હવે આ શ્રેણીમાં આગળ વધતા આ અંક પાલનપુરના ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસા પર તૈયાર કર્યો છે. 'અતુલ્ય વારસો' દ્વારા સમયાંતરે ગુજરાતનાં વિવિધ શહેરો, ગામો અને યાત્રાધામોની વાત માંડતા રહીશું. અમારો આ પ્રયોગ સૌને ઉપયોગી નિવડશે તેવી આશા છે.

કપિલ ઠાકર



પત્રવ્યવહારનું સરનામું :
એ-૩૧, કર્ણાવતી નગર, સ્વામિનારાયણ મંદિરની બાજુમાં, બાપા સીતારામ ચોક પાસે, નવા નરોડા, અમદાવાદ- ૩૮૨૩૪૬.
મો.- ૦૯૮૨ ૫૧૨ ૯૭૦૩/ ૦૯૩ ૨૮૩ ૧૨૩૬૩, Email : atulyavarso@gmail.com

# પાલનપુર રાજયના ઇતિહાસ



- ડૉ. દીપક પટેલ

હાલના બનાસકાંઠા જિલ્લામાં આવેલું મુખ્ય મથક પાલનપુર એક સમયે પાલણપુર તરીકે ઓળખાતું. આ રાજ્યમાં ઈ.સ. ૧૯૫૫ માં એમ. એસ. યુનિર્વસિટી બરોડાના પુરાતત્વ વિભાગે ડો. એસ. એન. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પુરાતત્વીય ઉત્ખનન કરતાં નવપાષણકાલીન અને લઘુપાષાણકાલીન અવશેષો જેવાં કે હાથકુહાડી, છોલણિયા, પતરીઓ, રંધા, રોકશીલ્ટર વગેરે અમીરગઢ, બાલુન્દ્રા, રામપુરા (કરઝા) અને સરોત્રા જેવા સ્થળોથી મળી આવ્યાં. આથી અનુમાન કરી શકાય કે પાલણપુર અને તેની આસપાસના વિસ્તારનો ઉદ્‌ભવ નવપાષાણ અને લઘુપાષાણમાં થયો હશે.




## પ્રાચીન ઇતિહાસ :

સાહિત્યિક પુરાવસ્તુકીય અભિલેખિક સાધનો ઇતિહાસનાં ઉપયોગી સાધનો છે. આ સાધનો એકબીજાનાં અવિભાજ્ય છે, એટલે કે ખૂટતી કડીને જોડી આપવાનું કામ આ સાધનો કરે છે. આ વિસ્તારના પ્રાચીન સમયનો ઇતિહાસ ખાસ જાણવા મળતો નથી, પરંતુ અનુમાન કરી શકાય છે. ગુજરાતના અન્ય પ્રદેશોમાં જે રાજવંશોએ રાજ્ય કર્યું હશે તેમનું શાસન આ વિસ્તારમાં પણ હશે.

## મૌર્યકાળ(ઈ.સ. પૂર્વે ૩૨૨થી ઈ.સ. પૂર્વે ૧૮૫) :

મૌર્યકાલીન અભિલેખિક સાધનો ગુજરાતમાંથી પ્રાપ્ત થયાં છે. ચંદ્રગુપ્ત મૌર્ય (ઈ.સ. પૂર્વે ૩૨૨થી ૨૯૮), મૌર્ય સમ્રાટ અશોક (ઈ.સ. પૂર્વે ૨૭૨થી ૨૩૨) અને સંપ્રતિ ઈ.સ. પૂર્વે ૨૦૦ વર્ષ સુધીના સમય દરમિયાન મૌર્ય સામ્રાજ્યના એક ભાગ તરીકે ગુજરાત અસ્તિત્વ ધરાવતું હતું. અશોકના ગિરનારના શિલાલેખમાંથી માહિતી મળે છે કે મૌર્ય સમ્રાટ અશોક, મહાક્ષપત્ર, રૂદ્રદામા, સ્કંદગુપ્ત વગેરેએ ગુજરાત પર વર્ચસ્વ જમાવ્યું હતું. સંભવ છે કે આ વિસ્તાર પણ તેમના સામ્રાજ્યનો ભાગ હશે. ત્યારબાદ ઇન્ડોગ્રીક રાજાઓના શાસન હેઠળ આવ્યું હશે. મિનેન્ડર અને એપોલોડોટસ રાજાઓના સમયમા સિક્કાઓનું ગુજરાતમાંથી લાંબા સમય સુધી જોવા મળતું વ્યાપક ચલણ આ બાબતને અનુમોદન આપે છે.

## ક્ષત્રપ કાળ(ઈ.સ. ૨૩થી ઈ.સ. ૪૦૦) :

પશ્ચિમી ક્ષત્રપોએ ગુજરાત પર ઈ.સ. ૨૩થી ૪૦૦ સુધી, એટલે કે ત્રણસો વર્ષ કરતાં પણ વધારે શાસન કર્યું હતું. ક્ષત્રપ વંશનો પહેલો રાજા ભૂમક હતો. તેણે ગુજરાત પર ઈ.સ. ૨૩થી ૩૨ વર્ષ સુધી રાજ્ય કર્યું તેવું તેના અભિલેખો પરથી જાણી શકાય છે. નાહપાન રાજા ક્ષત્રપ વંશનો હતો. તેણે કર્દમકવંશની સ્થાપના પહેલાં અથવા શક સંવત ૧૧ (ઈ.સ. પૂર્વે ૯૦-૬૯) પહેલાં શાસન કર્યું હતું. તેના સમયના અભિલેખોમાં નિર્દેશીત ઈ.સ. પૂર્વે ૪૬થી ૪૧નું વર્ષ તેના શાસન વર્ષ તરીકે ઓળખાય છે. તેના જમાઈ ઋષભદત્તે બનાસ નદી કાંઠે ઘાટ બંધાવીને સુવર્ણદાન કર્યું હતું. નાહપાનનું રાજ્ય ઉત્તરમાં રાજસ્થાનના અજમેર નજીક આવેલા પુષ્કરથી દક્ષિણમાં નાસિક સુધી વિસ્તરેલું હતું. તેના આધારે જાણી શકાય છે કે ચંબલની બનાસના નામે ઓળખાતી ઉપનદી અથવા તો આ રાજ્યમાં વહેતી બનાસ નામધારી મૂળ નદીના આધારે પાછળથી આ રાજ્યનું નામ બનાસકાંઠા પડ્યું. પુરાણોમાં આ નદીનો વર્ણશા કે પર્ણશા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. બાર્ણશા ચંબલને મળતી અર્વાચીન બનાસ સંભવે છે.

પુરાતત્વવિદ્ શ્રી ભગવાનલાલ ઈન્દ્રજી પાલણપુર નજીકની બનાસને માને છે, જ્યારે બાર્ણશાનો ઉલ્લેખ પાલણપુર નજીક વહેતી બનાસના સંદર્ભમાં હોઈ શકે. આનર્ત પ્રદેશના અન્ય ભાગોની જેમ આ પ્રદેશ પણ પશ્ચિમી ક્ષત્રપોના શાસન હેઠળ રહ્યો હતો.

## ગુપ્તકાળ(ઈ.સ. ૨૪૦થી ઈ.સ. ૪૬૭) :

ઈ.સ. ની પાંચમી સદીમાં ગુજરાત ગુપ્ત રાજવીઓના અધિકાર હેઠળ હતું. ગુપ્તકાળમાં ઉત્તર ગુજરાત પર ગુપ્તોનું શાસન હતું. અશોકના ગિરનાર શિલાલેખ પર છેલ્લા ગુપ્ત સમ્રાટ સ્કંદગુપ્તનો લેખ છે. ઈ.સ. ૪૫૫-૪૬૭ના અરસાનાં લેખમાં જણાવ્યા અનુસાર તેનું શાસન ઉત્તર ગુજરાત અને માળવા સુધી હતું એટલે આ વિસ્તાર પણ ગુપ્ત સામ્રાજ્યનો ભાગ હોવો જોઈએ. સ્કંદગુપ્તના અવસાન પછી (ઈ.સ. ૪૬૭) ગુપ્ત સામ્રાજ્યની પડતી થઈ. દૂરના કેટલાક પ્રદેશો સ્વતંત્ર થયા.

## મૈત્રકકાળ(ઈ.સ. ૪૭૦થી ઈ.સ. ૭૭૮) :

ગુપ્ત સામ્રાજ્યના અંત સમયે સર્જાયેલી પરિસ્થિતનો લાભ લઈ ઈ.સ. ૪૭૦માં મૈત્રકવંશના સેનાપતિ ભટ્ટાર્ક

વલભીમાં પોતાની સત્તા સ્થાપી. સમગ્ર ગુજરાતના પ્રદેશો અને માળવા સુધી મૈત્રક શાસકોએ લગભગ ૩૦૦ વર્ષ સુધી શાસન કર્યું. આ રાજાઓના પ્રાપ્ત થયેલા તામ્રપત્રોમાં આ પ્રદેશના કોઈ પણ સ્થળનો ઉલ્લેખ નથી. તેમ છતાં પાલણપુર રાજ્યનો આ વિસ્તાર મૈત્રક શાસકોની સત્તા હેઠળ હશે એમ જણાય છે, કેમ કે મૈત્રક વંશની સત્તા ગુજરાત અને પશ્ચિમ માળવા સુધી ફેલાયેલી હતી.

ચાવડાકાળ(ઈ.સ. ૭૫૬થી ઈ.સ. ૯૪૨):

વલભીના પતન બાદ પંચાસરના ચાપોત્કટ (ચાવડા) રાજા જયશિખરીના પુત્ર વનરાજે અણહિલવાડ પાટણમાં નવું રાજ્ય સ્થાપ્યું. આ રાજ્યનો ભાગ ચાવડાઓના આધિપત્ય હેઠળ રહ્યો હશે. આઠમી સદી દરમિયાન અણહિલવાડ પાટણનાં ચાવડા સામ્રાજ્યનો ભાગ હતું.

ડીસા તાલુકાના વડાવલ પાસેના એક ભગ્ન મંદિરમાંથી સપ્તમાતૃકાઓના પટ મળી આવ્યા છે. જે નવમી સદીના પ્રારંભના મનાય છે. આ મંદિરમાંથી કેટલીક પુરાણી શિવ-પ્રતિમાઓ મળી છે. જે ઈ.સ. ૮૦૦ની આસપાસની મનાય છે. ચાવડા શાસકોએ ઈ.સ. ૯૪૨ સુધી રાજ્ય કર્યું હતું.

સોલંકી વાઘેલા કાળ(ઈ.સ. ૯૪૨થી ઈ.સ. ૧૩૦૪):

ચાવડા વંશના પતન પછી અણહિલવાડ પાટણપર ચૌલુક્ય વંશની સ્થાપના થઈ. તેનો આદ્યસ્થાપક હતો મૂળરાજ સોલંકી. ઈ.સ. ૯૪૨ માં મૂળરાજ પહેલાનો રાજ્યાભિષેક થયો એમ 'પ્રબંધચિંતામણી' જણાવે છે. સારસ્વત મંડળ(સરસ્વતી નદીનો આસપાસનો વિસ્તાર)માં પોતાની સત્તા જમાવીને અણહિલવાડ પાટણને પોતાની રાજધાની બનાવી. આ સમયે સમગ્ર સારસ્વત મંડળને જુદા જુદા પંથકોમાં વિભાજિત કરવામાં આવ્યું હતું. તેમાં સરસ્વતી ખીણ મંડળ કેન્દ્ર સ્થાને આવેલું હતું. તેમ છતાં પૂર્વમાં સાબરમતી નદી અને ઉત્તર પશ્ચિમમાં બનાસ સુધી સારસ્વત મંડળનો વિસ્તાર હતો.

ભીમદેવ પહેલાનો શાસનકાળ(ઈ.સ. ૧૦૨૨થી ૧૦૬૪) પ્રગતિનો કાળ હતો. ચૌલુક્ય વંશના તામ્રપત્ર દ્વારા આ વિસ્તારના સંદર્ભમાં એક નક્કર પુરાવો મળે છે. પાલણપુર સંબંધી સોલંકી રાજા ભીમદેવ પહેલાનું તામ્રપત્ર ફલિત કરે છે કે વિ.સં. ૧૧૨૦ (ઈ.સ. ૧૦૬૩) માં રાજાએ 'ધાણધા' આહાર પંથકના 'વરણાવાડા' ગામ નજીક ભૂમિદાન કરેલું. આજે પણ પાલણપુર તાલુકામાં આ ધાણધા વસેલું છે. ધાણધા આહારમાં ધાણધા આ વિસ્તારનું મુખ્ય મથક હતું. જ્યારે વરણાવાડા આજે વડગામ તાલુકામાં આવેલું છે, જે ધાણધાથી દક્ષિણે આઠ કિ.મી.ના અંતરે આવેલું છે. સીમાઓના સંદર્ભમાં કારુસણા, સાબલી અને છિડીદ્રાલા ગામોનો ઉલ્લેખ મળી આવે છે. આ સ્થાનો હજૂ ઓળખી શક્યાં નથી, પરંતુ તેને કરસનપુરા, સબલપુરા અને છનિયાણા તરીકે ઓળખી શકાય.

ભીમદેવના પાલણપુરના તામ્રપત્ર ... ૧૧૨૦ પોષ સુદી ૧૫ તેને ઈલા મુકામે છાવણી હતી ત્યારે જાનક નામના મોઢ બ્રાહ્મણને વરણાવાડા ગામમાં ત્રણ હળ જમીન દાનમાં આપી હતી. સ્થળોના નામ પૈકી ઈલા કે જ્યાં રાજાની છાવણી હતી તે પાલણપુરથી અગ્નિ ખૂણે મહિકાંઠા એજન્સીમાં આવેલ હાલનું ઈલોલ રાજ્ય હોઈ શકે.

ભીમદેવ પહેલાનો સમય કલા અને સ્થાપત્ય ક્ષેત્રે નોંધપાત્ર છે. ચંદ્રાવતીના પરમાર રાજા ધંધુકે ભીમદેવ પહેલાનું આધિપત્ય સ્વીકારતાં ચૌલક્ય રાજાએ પોતાના તાબાના તે પ્રદેશમાં તેના મંત્રી વિમલને દંડનાયક નીમ્યો હતો. તેને આબુ પર દેલવાડા ગામમાં (ઈ.સ. ૧૦૩૧-૩૨) કરોડો રૂપિયા ખર્ચીને વિમલસહી નામે આદિનાથનું મંદિર બંધાવ્યું.

સોલંકી રાજા સિદ્ધરાજ જયસિંહનો શાસનકાળ (ઈ.સ.૧૦૯૬થી ૧૧૪૩) કલા અને સ્થાપત્ય ક્ષેત્રે અવિસ્મરણીય ગણાય છે. સિદ્ધરાજ જયસિંહ સોલંકી કાળનો સૌથી પ્રતાપી અને લોકપ્રિય રાજવી હતો. તેનો જન્મ પાલણપુરમાં થયાની સ્થાનિક અનુશ્રુતિ છે. એટલે કે આ બાબતનો કોઈ ઐતિહાસિક પુરાવો મળતો નથી. પરંતુ પાલણપુર ખરી રીતે તો સિધ્ધરાજના જન્મ પછી લગભગ ૧૦૦ વર્ષે ઈ.સ. ૧૧૮૪ આસપાસ આબુના પરમાર રાજા ધારાવર્ષના નાના ભાઈ પ્રહલાદનદેવે વસાવ્યું હતું. ચંદ્રાવતીના રાજા ધારવર્ષનો નાનો ભાઈ પ્રહલાદન બહાદુર અને વિદ્વાન હતો. તેની વિદ્વતાની પ્રશંસા કવિ સોમેશ્વરે પોતાના 'કિર્તિકૌમુદી' નામના પુસ્તકમાં તથા વસ્તુપાલે આબુ પર ૧૨૩૦માં બનાવડાવેલા લૂણવસહી (નેમિનાથ)ના મંદિરની પ્રશસ્તિમાં કરી છે. આ પ્રશસ્તિમાં સોમેશ્વર લખે છે કે પ્રહલાદનદેવે સામંતસિંહ સાથેની લડાઈમાં વીરતા બતાવી હતી અને તેની તલવારે ગુજરાતના રાજવી અજયપાલની રક્ષા કરી હતી. પ્રહલાદનદેવે રચેલ 'પાર્થપરાક્રમ વ્યાયોગ' નામનું પુસ્તક મળે છે. જે તેની લેખન શૈલીનું ઉજ્જવળ રત્ન છે. તેણે તેના નામ ઉપરથી 'પ્રહલાદનપુર' નામનું નગર વસાવ્યું હતું જે અત્યારે 'પાલણપુર'ના નામથી જાણીતું છે.

